**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ** **તા. ૩૦.૦૫.૨૦૧૭**

## રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ આજથી ગુજરાતના ૩ દિવસના પ્રવાસે

## આવતીકાલે સવારે દેવલીયા ગામે બુથ વિસ્તારક તરીકે અને સાંજે વડોદરા ખાતે પ્રબુદ્ધ નાગરિક સંમેલનને સંબોધશે.

----------------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ આજે તા. ૩૦ મે થી તા. ૦૧ જૂન સુધી ૩ દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના પ્રવાસની વિગતો આપતાં શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, પંડિત દીનદયાળ જન્મશતી વિસ્તારક યોજના અંતર્ગત રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ છોટા ઉદેપુર તાલુકાના દેવલીયા ગામે સવારે ૧૦.૦૦ કલાકે બુથ સ્તરે વિસ્તારક કામગીરીમાં જોડાશે. તેમની સાથે ગુજરાત પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી સહિત પ્રદેશના આગેવાનો ઉપરોક્ત કાર્યક્રમમાં સહભાગી બનશે.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપા સંગઠનના પ્રાથમિક એકમ એવા બુથ સ્તરે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ પોતે બુથના કાર્યકરો, ગ્રામજનોને મળશે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અખિલ ભારતીય યોજનાના ભાગરૂપે દેશના વિવિધ રાજ્યો-પ્રદેશોમાં ગરીબ કલ્યાણ વર્ષ અંતર્ગત પ્રવાસ કરી રહ્યા છે. ગુજરાત પ્રદેશ માટે ગૌરવપૂર્ણ બાબત એ છે કે, ગુજરાતના સપૂત એવા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી ગુજરાત પ્રદેશ ભાજપા દ્વારા ૧૫ દિવસના વિસ્તારક યોજનાના તા. ૨૮ મે થી શુભારંભ થયેલા પ્રથમ તબક્કાના કાર્યક્રમમાં સહભાગી થવાના છે. તેમની હાજરી માત્રથી ભાજપાના સમગ્ર રાજ્યના કાર્યકર્તાઓમાં એક નવી ઉર્જાનો સંચાર થતો હોય છે, ઉત્સાહ બેવડાતો હોય છે અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીના માર્ગદર્શનથી નવી દિશા-દર્શન મળતી હોય છે.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, શ્રી અમિતભાઈ શાહ સાંજે વડોદરા મુકામે સર સયાજીરાવ નગર ગૃહ ખાતે આયોજીત પ્રબુદ્ધ નાગરિક સંમેલનને પણ સંબોધશે.

**(ડૉ. હર્ષદ પટેલ)**
**કન્વીનર-મીડીયા સેલ**